જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૧/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૬૬	૭	૧૧૧૭૩	૧૭૨૯૭	૭	૧૭૩૦૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૫	૦	૬૫	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૨૭૩	૬૪	૨૮૩૩૭	૨૯૪૭૭	૬૮	૨૯૫૪૫
કુલ		૪૪૨૦૬	૭૧	૪૪૨૭૭	૫૩૨૬૫	૭૫	૫૩૩૪૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬	૧૪,૯૦,૮૫૦

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫૬૨	૨૫,૬૨,૦૦૦

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

પાલડી પોલીસ સ્ટેશન

ગુનાના કામે અટકાયત ટાળવા નાસતા ફરતા આરોપીને પકડી પાડતો પાલડી પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એન" ડિવીઝન નાઓ તરફ થી નાસતા ફરતા આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને પાલડી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરશ્રી જે.એમ.સોલંકીના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપી શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના પો.સબઇન્સ. એન.યુ.ટાપરીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો. ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ જાદવ બ.નં.૧૧૮૪૪ તથા અ.લો.ર. સુભાષભાઇ પ્રભુભાઇ પઢેરીયા બ.ન.૧૪૫૫ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકિકત આધારે રાજનગર ચાર રસ્તા પાસે જાહેરમા મળી આવેલ એક ઇસમ નામે ખુમાશ મુકેશભાઇ સોની ઉ.વ.૩૫ ધંધો બેકાર રહે. ૨૨/એ જીતેન્દ્ર પાર્ક સોસાયટી રાજનગર ચાર રસ્તા પાસે નારાયનનગર રોડ પાલડી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમા ડી.સી.બી. પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૨૯/૨૦૧૭ ઇ.પી.કો ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦(બી) તથા ધી આઇટી એક્ટ ૨૦૦૮ ની કલમ ૬૬(બી)(ડી) મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે પોતાની અટકાયત ટાળવા નાસતા ફરતા હોય જે ઇસમ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઇ) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી ડી.સી.બી. પો.સ્ટે. ખાતે સોપવામા આવેલ છે.

સારી કામગીરી કરનાર સર્વેલન્સ સ્કોડના કર્મચારી

(૧) પો.સબ.ઇન્સ. એન.યુ.ટાપરીયા

(૨)અ.પો.કો. ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ જાદવ બ.નં.૧૧૮૪૪

(૩)અ.પો.કો. અનવરભાઇ વલીભાઇ હબીયાણી બ.ન. ૮૨૪૨

(૪)અ.લો.ર. સુભાષભાઇ પ્રભુભાઇ પઢેરીયા બ.ન.૧૪૫૫

(૫)અ.લો.ર. જયમીનભાઇ મહેશભાઇ ગજ્જર બ.ન.૧૨૭૧

(૬)અ.લો.ર. મહેશભાઇ મેઘજીભાઇ મેણીયા બ.ન.૧૧૦૫

(૭)વુ.અ.લો.ર. અંજનાબેન નારણભાઇ બ.ન.૧૧૧૭૦

નાસતો ફરતો આરોપી

ખુમાશ મુકેશભાઇ સોની ઉ.વ.૩૫ ધંધો બેકાર રહે. ૨૨/એ જીતેન્દ્ર પાર્ક સોસાયટી રાજનગર ચાર રસ્તા પાસે નારાયનનગર રોડ પાલડી અમદાવાદ શહેર



ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કાગડાપીઠ પોલીસ સ્ટેશન

મોબાઈલ ચોરીના ગુનામાં આરોપીને ચોરીના પાંચ મોબાઈલ ફોન સાથે પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના મુજબ પોલીસ ઇન્સપેકટરશ્રી એ.જે.પાંડવ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ તથા પો.સ.ઈ.શ્રી બી.એસ.રબારી તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન ફરતા-ફરતા કલાક ૨૧/૦૦ વાગે કાકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ ચાર રસ્તા ખાતે જાહેર રોડ પર આવતા સાથેના હે.કો.સંજયભાઈ દશરથભાઈ તથા પો.કો.કલ્યાણસિહ અભેસંગભાઈ તથા પો.કો.ચિરાગકુમાર બાબુભાઈ નાઓને સંયુક્ત રીતે બાતમી હકિકત મળેલ કે," એક ઈસમ કે જેણે શરીરે કાળા કલરનું ટીશર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ છે તે પોતાની પાસે ચોરી અગર તો છળકપટથી કેટલાક મોબાઈલ ફોન મેળવી પોતાના કબ્જામાં રાખી અપ્સરા સિનેમા તરફથી ચાલતો આવી કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ થઈ વેચાણ કરવા માટે આવે છે" વિગેરે મતલબની બાતમી હકિકત આધારે સદર જગ્યાએ વોચમાં હાજર રહી આરોપી નામે આરીફ સ/ઓ અયુબભાઈ શેખ ઉ.વ.૨૩ રહે.ખ્વાજાનગર, મુસ્કાન પાર્કની બાજુમાં ફિરોજભાઈ પઠાણના મકાનમાં આકૃતી ફ્લેટની સામે કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર નાઓને ચોરી કરેલ કુલ નંગ-૦૫ મોબાઇલ ફોન કિં.રૂ.૩૪,૦૦૦/- ની સાથે પકડી સદરી મોબાઇલ બાબતે આરોપીને કડકાઈથી પુછપરછ કરતા પોતે પોતાના નિવેદનમાં જણાવેલ કે સદરી મોબાઈલ ફોન પૈકી એક રીયલમી કંપનીનો મોબાઈલ ફોન પોતે ગીતામંદિર બસ સ્ટેશનમાંથી દોઢેક માસ અગાઉ તેમજ અન્ય મોબાઈલ ફોન અલગ-અલગ જગ્યાએથી ચોરી કરેલ હોવાની હકીકત જણાવતા સદરી બાબતે તપાસ કરતા એક રીયલમી કંપનીનો મોબાઇલ ફોન બાબતે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.ન.૧૧૧૯૧૦૨૫૨૧૦૦૭૩/૨૦૨૧ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે. જે ગુનાના કામે સદરી આરોપીને તા.૨૦/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. સદરી આરોપી પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન પૈકી (૧) સફેદ કલરનો ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન જેનો IMEI નં.863794048203396 નો છે જેની કિ.રૂ.૧૦,૦૦૦/- ગણી શકાય તે મોબાઇલ ફોન સોનીની ચાલી ચાર રસ્તા ખાતેથી રીક્ષામાં બેસેલ એક ઇસમના ખિસ્સામાંથી ચોરી કરેલ અને (૨) એક કાળા કલરનો ઓપ્પો

કંપનીનો મોબાઈલ ફોન જેનો IMEI નં.869353031147591 નો છે. જેની કિ.રૂ.૫,૦૦૦/- ગણી શકાય તે મોબાઇલ ફોન સી.ટી.એમ ન્યુ મણીનગર મ્યુનિ.કોર્પો પાર્કિંગ ખાતેથી એક ઇસમ ચાલતો જતો હતો તેની હાથમાંથી ઝુંટવી લીધેલ હોવાનું જણાવતા સદરી તમામ મોબાઇલ ફોનો પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરી, કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો ઉપરોક્ત ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



પાસા અટકાયતીની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

અનઅધિકૃત વીજ જોડાણ સંબંધિત ગન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો તથા "પોતાની તથા માણસોની જીંદગી જોખમાય તેવુ કૃત્ય કરતા હોવાનુ તથા અનઅધિકૃત વીજ જોડાણ આપતા ગુના દાખલ થતા" અમો સીની.પોલીસ ઇન્સ્પેક્ટર એસ.જે.બલોચ ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામવાળા આરોપીઓ માણસોની જીંદગી જોખમાય એવી રીતે અનઅધિકૃત વીજ જોડાણ આપતા હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે નં.(૧)પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૦૪/૨૦૨૧ તા-૨૦/૦૧/૨૦૨૧ થી પાસા અટકાયતી સાજીદ હુસેન ગુલામનબી મન્સુરી ઉ.વ.૪૭ રહે.મ.નં.૨૩૩૭ કાછીયા શેરી ગોપાલ ડેરી સામે તાનગરવાડ જમાલપુર અમદાવાદ શહેર નાઓને ખાસ જેલ પાલારા ભુજ ખાતે તથા નં (૨) પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૦૫/૨૦૨૧ તા-૨૦/૦૧/૨૦૨૧ થી પાસા અટકાયતી નાસીરહુસેન મુસ્તાક અહેમદ મુન્શી ઉ.વ.૪૭ રહે.૨૭૫૯ લાંબીશેરી વસંત રજબ પોલીસ ચોકી સામે જમાલપુર અમદાવાદ શહેર નાઓને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે તથા નં (૩) પાસા અટકાયતી હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૦૬/૨૦૨૧ તા-૨૦/૦૧/૨૦૨૧ થી અટકાયતી ઇમરાન મોહમદ શરીફ એકધઉંવાલા ઉ.વ.૩૬ રહે-રૂમ નં-૧૦૪ બ્લોક નં-૮ મ્યુન્સીપલ લેબર ક્વાટર્સ કાચની મસ્જીદ પાસે જમાલપુર અમદાવાદ શહેર નાઓને લાજપોર જેલ જુનાગઢ ખાતેના સદરી તમામ આરોપીઓને પાસા અટકાયતમાં રહેવાના હુકમો કરતા આજરોજ તા-૨૦/૦૧/૨૦૨૧ ના રોજ સદર પાસા હુકમોની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે. તા-૨૦/૦૧/૨૦૨૧



મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારી તથા છેડતીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે ભરત ઉર્ફે દત્તો સ/ઓ ચુનીલાલ જાતે માળી ઉ.વ.૨૩ રહે. નાનચંદ માવજીદાસની ચાલી રામજી મંદિર પાછળ, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૦૦૯૪/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૩૬, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૦૨૭૧/૨૦૨૦ જી.પી.એક્ટ કલમ ૧૨૦, ધી આઈ.ટી એક્ટ-૨૦૦૮ ની કલમ ૭૨(એ), ઈ.પી.કો. કલમ ૧૧૪ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૧૯૧૨/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૫૪(એ), ૫૦૬(૧), ૨૯૪(ખ), ૧૧૪ મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૨૧૧૫/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૫૦૬(૨), ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૫) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૦૫૫/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઇસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૦૩/૨૦૨૧ તા.૨૦/૦૧/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઇસમને આજરોજ તા.૨૦/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૦/૦૧/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

ઓઢવ પોલીસ સ્ટેશન :

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પાલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

જગરૂપભાઇ યાદવ ઉ. વ. ૬૩ રહે. સંતોષીનગરના છાપરા જય કેમિકલની બાજુમા સી. એમ. સી. પાસે ઓઢવ અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૪૬૦/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ,ઇ), ૯૮(૨), બી,૮૧ તથા ઇપીકો કલમ ૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટની એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧ (બી) મુજબ (૨) ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૦૯૬૬/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી, ૬૫(ઇ), મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૧૧૦/૨૦૨૧ તા. ૨૦/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૨૦/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૪૫ વાગે :- ભુજ પાલારા જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ. શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ અળખાભાઇ કરશનભાઇ બ.નં- ૮૬૧૫ તથા અ પો કો બીજલભાઇ શામળભાઇ બ નં ૧૦૩૫૮ તથા અ પો કો ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં. ૧૦૧૯૫ તથા અ પો કો જયદીપસિંહ દેવસંગભાઇ બ. નં. ૧૧૯૪૯

કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

શરીર સબંધી ગુનાની પ્રવૃતિ સાથે સંકળાયેલ બે આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ બે આરોપીઓ વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે શરીર સબંધી ગુનામા સંકળાયેલ બે આરોપીઓ નામે (૧) ગૌતમ કાલીયા વક્તાભાઇ મીણા, ઉ.વ.૨૬, ધંધો-નોકરી, રહે, હાલ પીપળાવાળો ખાચો, ભવાનપુરાની પીઠ, રા.ઇ.બહાર, અમદાવાદશહેર તથા મુળ વતન-ગામ-કરસેલીયા, તાલુકો-થાણુ, ધરીયાવદ, જીલ્લો-પ્રતાપગઢ, રાજસ્થાન તથા (૨) દીતીયા કાલીયા વક્તાભાઇ મીણા, ઉ.વ.૨૪, ધંધો-નોકરી, રહે, હાલ પીપળાવાળો ખાચો, ભવાનપુરાની પીઠ, રા.ઇ.બહાર, અમદાવાદશહેર તથા મુળ વતન-ગામ-કરસેલીયા, તાલુકો-થાણુ, ધરીયાવદ, જીલ્લો-પ્રતાપગઢ, રાજસ્થાન નાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના કચેરીના પત્રકમાંક/PCB/DTN/પાસા/૯૧-૯૨/૨૦૨૧ તા.૧૯/૦૧/૨૧ આધારે સદરી બન્ને આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરી અનુક્રમે "રાજકોટ" તથા "જુનાગઢ" જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.
તા.૨૦/૦૧/૨૦૨૧

ગૌતમ કાલીયા વક્તાભાઇ મીણા



દીતીયા કાલીયા વક્તાભાઇ મીણા



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭૦ કવૉટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૯/૨૦૨૧**

શાહપુર : વત્સલભાઇ દેવાંગકુમાર જાની (રહે.મેવાડાનું ડહેલું, દરવાજાના ખાંચામાં, શાહપુર) એ તા.૨૦/૧/૨૦૨૧ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૦ બપોરના ૩/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે અજાણ્યા મોબાઈલ નં. ૭૩૫૯૨૧૨૫૯૬, ૯૬૪૩૩૪૫૨૮૮ ના ધારક જીગ્નેશ ઠક્કર એ વત્સલભાઇ ને "રૂપિયા ૮૯,૯૯૯/- ટ્રાન્સફર કરવાથી રૂપિયા ૯૮,૩૧૫/- કમાવવા મળશે" તેમ કહી વત્સલભાઇનો વિશ્વાસ કેળવી, તેમની પાસેથી ઓટીપી લઈ રૂપિયા ૯૦,૦૦૦/- વત્સલભાઇના ખાતામાંથી ટ્રાન્સફર કરી લઇ, વત્સલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૦/૨૦૨૧**

શહેરકોટડા : રેખાબેન ઉર્ફે ડિમ્પલ વા/ઓ ચિંતનભાઇ પ્રજાપતી (ઉ.વ.૨૮)(રહે,પ્રેરણા બંગ્લોઝ આંબેડકર હોલની સામે, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રિતેશકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

સરખેજ : વસંતભાઇ ભનાભાઇ વાઘેલા (ઉ.વ.૫૮)(રહે.સરખેજ આઇ.ટી.આઇ ની બાજુમા આરોગ્ય કેન્દ્રની સામે છાપરામા, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૧/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર માટે તેમને અસારવા સિવીલ હોસ્પિટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

વાસણા : કિરણબેન રમેશભાઇ સોલંકી (ઉ.વ.૨૧)(રહે.મહેશભાઇની ચાલી નારાયણનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૧ કલાક ૧૧/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સલમાનખાન રઝાકખાન ચલાવે છે.

વેજલપુર : નિતાબેન ડો/ઓ શંકરભાઈ સંગાડા (ઉ.વ.૧૪)(રહે.સફરે અમન સાઈટ એન.કે.સ્કુલ સામે, સારણી મસ્જીદ પાસે, ડી-માર્ટ રોડ, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ભરાવેલ સળીયામાં ઓઢણુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.દેસાઈ ચલાવે છે.

મેઘાણીનગર : રૂપેશ દીનેશભાઈ પંચાલ (ઉ.વ.૩૨)(રહે.ગુ.હા.બોર્ડ, કલાપીનગર શુભમ હોસ્પીટલ સામે, મેઘાણીનગર) એ તા.૨૦/૦૧/૨૦૨૧ ના કલાક ૦૦/૦૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતની દીવાલના હુકમા ખાટલા ભરાવાની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

નારોલ : રામકૃષ્ણ સાહબસિંહ ડાંગી (ઉ.વ.૨૭)(રહે.ઉમંગ ફ્લેટ, લક્ષ્મીનગરની બાજુમા, નારોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૧ ના કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે ઇલેક્ટ્રીક ઇસ્ત્રીનો વાયર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી